

# પર્યાવરણ

## ધોરણ-3

દ્વિતીય સત્ર

## વાર્ષિક માસવાર આયોજન

વર્ષ – ૨૦૨૪/૨૫



shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

**નવેમ્બર માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: ૧૪. આપણો ખોરાક**

**અધ્યયન નિષ્પતિ :**

3.05 વિવિધ વયજૂથનો લોકો પ્રાણીઓ અને પક્ષીઓની ખોરાકની જરૂરિયાતો, ખોરાક અને પાણીની ઉપલબ્ધિ તથા તેમના ઘર અને સાસપાસના પાણીના ઉપયોગ અંગેનું વર્ણન કરે છે.

3.06 કુટુંબના સભ્યોની ભૂમિકા, તેમની ટેવો, લક્ષણો, કાર્યો તથા સંયુકત કુટુંબમાં રહેવાની જરૂરિયાતનું વર્ણન લેખિત, મૌખિક કે અન્ય રીતે કરે છે.

3.14 કુટુંબમાં રૂઢિગત કાર્યો/રમતો ખોરાક વગેરેમાં થતા લિંગભેદ પ્રત્યે તથા શાળા અને કુટુંબમાં થતા ખોરાક અને પાણીના બગાડ વિશે મત વ્યક્ત કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- બે કુટુંબના ચિત્રોનું અવલોકન તથા ચર્ચા પ્રશ્નોત્તરી
- વિચારો અને લખો
- ચર્ચા તથા પ્રશ્નોત્તરી
- પૂછો અને લખો – ચર્ચા પ્રશ્નોત્તરી
- આપણે ખાઈએ છીએ, તે કયાથી આવે છે ?

**શૈક્ષણિક સાધન :**

- વિવિધ વનગીઓના ચિત્રો કે વિડીયો
- વૃક્ષો ના ચિત્રો કે વિડીયો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને બે કુટુંબ ના ચિત્રો આપેલા છે તેનું અવલોકન કરવા જણાવીશ. તેના આધારે પ્રશ્નોત્તરી કરીશ. વિચારો અને લખો માં આપેલા પ્રશ્નોની વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. કોષ્ટકમાં આપેલ કામ તમારા ઘર માં અને મિત્રો ના ઘરમાં કોણ કામ કરે છે. તે પૂછી નોંધ કરાવીશ. આપેલ વાનગીઓની થોડી વાનગીઓ યાદીમાં ઉમેરવા જણાવીશ. જે વસ્તુ છોડ, વૃક્ષ અને વનસ્પતિ માંથી મળે છે ત્યાં લીલો રંગ તથા જે વસ્તુ પ્રાણીઓમાંથી મળે છે, ત્યાં ‘O’ માં લાલ રંગ કરવા જણાવીશ.

વિચારો અને લખો માં જે બીમારી થાય ત્યારે કઈ દવા લો તે લખવા જણાવીશ. ઔષધીય વનસ્પતિઑ વિષે વિસ્તૃત માહિતી આપીશ. ચર્ચા તથા પ્રશ્નોત્તરી કરીશ. દરેક પોટલા માટે

સાચી વસ્તુ પસંદ કરો. જોડવા માટે રેખાનો ઉપયોગ કરવા જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ -**

**મૂલ્યાંકન**

- પ્રશ્નો ના ઉત્તરો લખવા જણાવીશ.

**ડિસેમ્બર માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: ૧૫. માટી ની મજા**

**અધ્યયન નિષ્પતિ :**

3.08 વર્તમાન અને ભૂતકાળની વસ્તુઓ અને પ્રક્રિયાઓ જેમ કે કપડાં, રમતો, વાસણો લોકોના કાર્યો વગેરેમાં ભેદ પારખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- વર્તનું કથન
- વિદ્યાર્થીઓ દ્વારા શ્રવણ
- વિચારો અને લખો – ચર્ચા તથા પ્રશ્નોત્તરી
- માટીના વાસણો "કુંભાર ની મુલાકાત"
- માટી માંથી વાટકી, કટોરો બનાવવાની પ્રવૃતિ
- વિચારો અને કહો – ચર્ચા તથા પ્રશ્નોત્તરી
- વિચારો અને લખો જુથ ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- માટી માંથી બનતા સાધનોના ચિત્રો કે વિડીયો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ વર્તનું કથન કરીશ. વિદ્યાર્થીઓ શ્રવણ કરશે. બાળકો વાર્તાની રચના થી ઘટના ક્રમને સમજશે અને માણશે. તેના આધારે વિદ્યાર્થીઓ વિચારો અને લખો ના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તરો આપશે. વિદ્યાર્થીઓને માટી માંથી વાટકી બનાવવાની પ્રવૃતિ કરાવીશ. માટી માંથી કટોરો બનવવાનની પ્રવૃતિ કરાવીશ. વિદ્યાર્થીઓ માંથી માંથી વાટકી કટોરો બનાવશે. વિદ્યાર્થીઓને સર્જનાત્મક અભિવ્યક્તિ ની તકપૂરી પાડીશ. વિચારો અને કહો માં આપેલ પ્રશ્નો ના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. વિચારો અને લખો માં આપેલ વિગતની જુથમાં ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર લખશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- પ્રોજેક્ટ : "કુંભાર વ્યવસાયકારો ની મુલાકાત તથા 'કુંભાર' સાથે રૂબરૂ પ્રશ્નોત્તરી કરી જવાબ મેળવવા
- પ્રવૃતિ : માટીની વાટકી બનાવવી

- માટીમાંથી કટોરો બનાવવો.

**મૂલ્યાંકન**

- આપેલા પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**ડિસેમ્બર માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ:** ૧૬. મારુ ઘર

**અધ્યયન નિષ્પતિ :**

3.04 ઘર, શાળા અને આસપાસના વિસ્તારની વસ્તુઓ, સ્થળો, ચિહ્નો અને પ્રવૃત્તિઓને ઓળખે છે. જેમ કે વાસણો, ચૂલા વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારના સાધનો, સાઇનબોર્ડ, વિવિધ પ્રકારના ઘર અને સ્થાનો, બસસ્ટેન્ડ, પેટ્રોલપંપ વિવિધ વ્યવસાયના લોકો, ખોરાક બનાવવાની પ્રક્રિયા વગેરે)

**શૈક્ષણિક મુદ્દા :**

- મકાનો માં વિવિધતા
- નસિમ – શ્રીનગર
- ભૂપેન – આસામ
- ચમેલી – મનાલી
- મિતાલી અને અનુજ રાજકોટ
- કાશીરામ – રાજસ્થાન
- ચર્ચા તથા પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :** - વિવિધ ઘરોના ચાર્ટ કે ચિત્ર

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પાઠમાં આપેલ વિવિધ પ્રદેશ વાર ઘરો વિષે વારાફરતી જણાવીશ. ઘરોની વિવિધતા તથા વિશેષતા વિષે વિસ્તૃત માહિતી આપીશ. ચર્ચા તથા પ્રશ્નોત્તરી કરીશ. આપેલ પ્રશ્નોની વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો આપશે. બાળકો મકાનોના માળખા, મકાનો કેવી આબોહવાને અનુરૂપ બાંધવા આવ્યા છે ? તે વિષે માહિતગાર થશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- પ્રવૃતિ : ઘર બનાવવા વપરાતી વસ્તુઓના નમૂના નો સંગ્રહ કરો.
- પ્રવૃતિ : ચાલો ઈંટ બનાવી
- પ્રવૃતિ : જુદા જુદા પ્રકારના ઘરના ચિત્રોનો સંગ્રહ કરો.

**મૂલ્યાંકન** - આપેલ પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**
**પાઠનું નામ: ૧૭. પત્રનો પ્રવાસ**

**અધ્યયન નિષ્પતિ :**

3.04 ઘર, શાળા અને આસપાસના વિસ્તારની વસ્તુઓ, સ્થળો, ચિહ્નો અને પ્રવૃત્તિઓને ઓળખે છે. જેમ કે વાસણો, ચૂલા વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારના સાધનો, સાઇનબોર્ડ, વિવિધ પ્રકારના ઘર અને સ્થાનો, બસસ્ટેન્ડ, પેટ્રોલપંપ વિવિધ વ્યવસાયના લોકો, ખોરાક બનાવવાની પ્રક્રિયા વગેરે)

3.11 વસ્તુઓ, પ્રવૃત્તિઓ કે મુલાકાત લીધેલ સ્થળો અંગેની માહિતી, અનુભવો તેમજ અવલોકનોની નોંધ કરે છે. તેના આધારે તેમની તરાહ અંગે આગાહી કરે છે. (જેમ કે ચંદ્રની કળાઓ અને ઋતુઓ)

**શૈક્ષણિક મુદ્દા :**

- પત્રના પ્રવાસનું વાંચન
- પત્રની મુસાફરીના ચિત્રો ને ક્રમ મુજબ ગોઠવવા
- તમારા મિત્ર ને પત્ર લેખન કરો
- પ્રવૃતિ ટપાલ પેટી બનાવવી.
- વિદ્યાર્થીઓએ લખેલા પત્રોનું વાંચન
- ઘરે આવેલા પત્રોનું એકત્રીકરણ ટપાલ ટિકિટનો સંગ્રહ
- પોસ્ટ ઓફિસ માંથી મળતી હોય તેવી વસ્તુઓની ઓળખ
- વિચારો અને કરો : ચર્ચા તથા પ્રશ્નોત્તરી
- પોસ્ટ ઓફિસ ની મુલાકાત
- રીના અને રાધા વચ્ચે ની વાત ચિત
- વિચારો અને લખો : ચર્ચા તથા પ્રશ્નોત્તરી
- મોબાઈલ ના ચિત્રો દોરવા
- તમારો પોતાનો ટેલિફોન બનાવો
- વિચારો અને લખો

**શૈક્ષણિક સાધન :**

- પોસ્ટ કાર્ડ
- પોસ્ટ ઓફિસ માંથી મળતી હોય તેવી વસ્તુઓ
- પ્રવૃતિ માટે જરૂરી સાધનો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને શમીરા એ તેના મિત્ર સલમાનને પેન વડે પત્ર લખ્યો તેનું વાંચન કરાવીશ. પત્રની મુસાફરી ના ચિત્રો ક્રમ મુજબ નથી તેને યોગ્ય ક્રમમા ગોઠવવા જણાવીશ. વિદ્યાર્થીઓને પોતાના મિત્રોને પત્ર

લેખન કરવા જણાવીશ. તે પત્રો પોસ્ટ કરવા માટે વર્ગ માં ટપાલ પેટી જુથમાં બનાવવા જણાવીશ. ટપાલ વહેચવા માટે એક વિધાર્થીને ટપાલી બનાવીશ. ટપાલી પત્રો વહેચશે. પત્રોનું વાંચન કરાવીશ. ઘરે આવેલા પત્રોનું એકત્રીકરણ કરી લાવવા જણાવીશ. તેના આધારે પ્રશ્નોત્તરી કરીશ. અલગ – અલગ પ્રકારની છાપ (ટપાલી ટિકિટ) સંગ્રહ કરી આપેલ બોક્સ માં છોટાડવીશ. પોસ્ટ ઓફિસ માંથી મળતી હોય તેવી વસ્તુઓની ઓળખ કરાવીશ. પાઠ્ય પુસ્તક માં આપેલ પોસ્ટ કાર્ડ માં તમારું પૂરું સરનામું લખવા જણાવીશ. વિચારો અને પ્રશ્નોના ઉત્તરો ની ચર્ચા કરીશ. પોસ્ટ ઓફિસ ની મુલાકાત કરાવીશ. પ્રશ્નોત્તરી કરીશ. રીના અને રાધા પત્ર વિષે વાતચિત કરી રહ્યા છે તે વાંચવીશ. ચર્ચા કરીશ. વિચારો અને લખોના પ્રશ્નોના ઉત્તરો ની ચર્ચા કરીશ. વિધાર્થીઓ ઉત્તર લખશે. વિધાર્થીઓને આપેલ બોક્સ માં મોબાઈલ ના ચિત્રો દોરાવી રંગ પુરવા જણાવીશ. વિધાર્થીઓને પોતાનો ટેલિફોન બનવડાવીશ. વિચારો અને લખો પ્રશ્નોની ચર્ચા કરીશ. વિધ્યાર્થીઓ ઉત્તર લખશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- પ્રવૃતિ : મિત્રને પત્ર લેખન કરે
- પ્રવૃતિ : વર્ગ માં ટપાલ પેટી બનાવો (જુથમાં)
- પ્રવૃતિ : અલગ – અલગ પ્રકારની પોસ્ટની ટિકિટ નો સંગ્રહ કરો તે ટિકિટ આપેલ બોક્સ માં ચોંટાડાવીશ
- પ્રવૃતિ : મોબાઈલના ચિત્રો દોરવા
- પ્રવૃતિ : તમારો પોતાનો ટેલિફોન બનાવો.

**મૂલ્યાંકન**

- વિચારો અને લખોના પ્રશ્નો ના ઉત્તરો લખવા જણાવીશ.

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: ૧૮. રમતા રમતા**

**અધ્યયન નિષ્પતિ :**

3.08 વર્તમાન અને ભૂતકાળની વસ્તુઓ અને પ્રક્રિયાઓ જેમ કે કપડાં, રમતો, વાસણો લોકોના કાર્યો વગેરેમાં ભેદ પારખે છે.

3.13 સમૂહ કાર્યો અને સ્થાનિક, ઇનડોર - આઉટડોર રમતોના નિયમોનું અવલોકન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પગથિયાંની રમત (અવંતિકા અને તેની બહેન નંદિતા દ્વારા)
- સ્થાનિક રમતો પગથિયાંની રમત, સાત લાઇન, લંગડી, સંતા-કૂકડી, સતોડિયું અને બીજી રમતો વિશે ચર્ચા પ્રશ્નોત્તરી
- ઘરમાં રમાતી રમતો ઘર ઘર, ચેસ કેરમ તથા બીજી રમતો
- રમતનું ચિત્ર દોરવું
- યાદ કરો અને લખો.
- કુટુંબના સભ્યો સાથે રમતાં હોય તેવી રમતો
- પ્રખ્યાત રમતવીર (સ્થાનિક)
- પૂછો અને લખો : વડીલો બાળક હતા ત્યારની રમતો
- વિચારો અને જોડો
- રમત સિવાયની પ્રવૃત્તિઓ
- કુટુંબના સભ્યો બીજું શું કરે છે ?

**શૈક્ષણિક સાધન :**

- રમતના ચિત્રો
- રમતના વિડીયો
- રમતના સાધનો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને અવંતિકા અને તેની બહેન નંદિતા દ્વારા રમાતી પગથિયાંની રમત વિશે માહિતી આપીશ. વિદ્યાર્થીઓને સ્થાનિક રમતો જેવી કે પગથિયાંની રમત, સાત લાઇન, લંગડી, સંતાકૂકડી, સતોડીયું અને બીજી રમતો કેવી રીતે રમાય તે અંગે માહિતી આપીશ. ઘરમાં રમાતી રમતો ઘર – ઘર, ચેસ અને કેરમ વિશે માહિતી આપીશ. વિદ્યાર્થીઓના જૂથ બનાવી રમતો રમાડીશ. જે રમતો ઘરમાં રમાતી હોય તેની સામે [ ] ની નિશાની તથા ઘરની બહાર રમાતી હોય ત્યાં * ની નિશાની સામે દોરાવીશ. તે રમતો રમવા જોઇતા

ખેલાડીઓની સંખ્યા તથા જોઇતી વસ્તુઓ નોંધવા જણાવીશ. વિદ્યાર્થીઓ જૂથમ ચર્ચા કરી કોષ્ટક પૂર્ણ કરશે. વિદ્યાર્થીઓને રમતાં હોય તેવી કોઇ રમતનું ચિત્ર દોરવા જણાવીશ. તમારા કુટુંબના સભ્યો સાથે રમત રમતાં હોય તેવી રમતોની યાદી લખો. સ્થાનિક પ્રખ્યાત રમતવીરક વિશે માહિતી એકત્ર કરી જણાવી ચર્ચા કરીશ. વડીલો જયારે બાળક હતા ત્યારે કઇ રમતો રમતા હતા તેની યાદી બનાવી લાવવા જણાવીશ. સ્થાનક પ્રખ્યાત રમતવીશ વિશે માહિતી એકત્ર કરી જણાવી ચર્ચા કરીશ. વડીલો જયારે બાળક હતા ત્યારે કઇ રમતો રમતા હતા તેની યાદ બનાવી લાવવા જણાવીશ. કોયડાને ચિત્રો સાથે જોડાવીશ. તથા આપેલ જગ્યામાં રમતનું ના લખાવીશ. વિદ્યાર્થીઓને રમત રમવા ઉપરાંત બીજું શું કરે છે ? તે પૂછીશ ચર્ચા કરીશ. નવરાશની પળોમાં કુટુંબના સભ્યો શું કરે છે ? તે ચિત્રોમાં રંગ ભરાવીશ. જરૂર જણાય ત્યાં દોરાવીશ. અને લખાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- પ્રવૃત્તિ : વડીલો જયારે બાળક હતા, ત્યારે કઇ રમતો રમતાં હતા ?

**મૂલ્યાંકન**

- આપેલા પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: ૧૯. આપણાં સાથી**

**અધ્યયન નિષ્પતિ :**

3.15 વનસ્પતિ, પ્રાણીઓ, વૃદ્ધો અને દિવ્યાંગો માટે સંવેદના દર્શાવે છે અને આસપાસના પર્યાવરણમાં રહેતાં પરિવારોના વૈવિધ્યને સમજે છે. (જેમ કે દેખાવ, ક્ષમતા, ગમો - અણગમો અને મૂળભૂત જરૂરિયાતોની પ્રાપ્તિ (દા.ત. ખોરાક, રહેઠાણ વગેરે)

**શૈક્ષણિક મુદ્દા :**

- "પંખીને ઇજા ...... " વાતનું કથન
- યાદ કરો અને લખો "શંકરની બિલાડી....." વાતનું કથન વિચારો અને કહો.
- પ્રાણીઓ પ્રત્યે લાગણીઓની ચર્ચા
- ગંગાની ગાય – પ્રસંગનું વાંચન

- વિચારો અને કરો પ્રશ્નોત્તરી
- જુઓ અને લખો : વિચારો અને કરો : ચર્ચા તથા પ્રશ્નોત્તરી
- યાદ કરો અને લખો : ચર્ચા તથા પ્રશ્નોત્તરી
- પંખી પરબ બનાવવાની પ્રવૃતિ કયું પક્ષી પાણી પીવા આવે છે ? તેનું અવલોકન વિચારો અને લખો માનવી અને પ્રાણીને જરૂરી વસ્તુઓ
- વિચારો અને કહો : પ્રાણીઓ ખોરાક
- વિચારો અને લખો : ચર્ચા તથા પ્રશ્નોત્તરી
- સમજો અને જોડોની પ્રવૃત્તિ કોણ શું ખાય છે તે જોડો. યાદ કરો અને લખો.
- રાણીનો બગીચો

**શૈક્ષણિક સાધન :**

- પ્રવૃત્તિ માટે જરૂરી સાધનો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકમાં આપેલ "પંખીને ઇજા" વાતનું કથન કરીશ. તેના આધારે આપેલ વાકયોને યોગ્ય ક્રમમાં ગોઠવવા જણાવીશ. "શંકરની બિલાડી" વાતનું કથન કરીશ. તેના આધારે આપેલ પ્રશ્નોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. પ્રાણીઓ પ્રત્યે લાગણીઓની ચર્ચા કરીશ. ગંગાની ગાય પ્રસંગનું વાંચન કરીશ. વિચારો અને કરો પ્રશ્નોના ઉત્તરો આપવા જણાવીશ. ચિત્રોનું અવલોકન કરાવીશ. ચંદુ તેના ગધેડા માટે શું કરે છે તે લખાવીશ. વિચારો અને લખો. પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે. પાલતું પ્રાણી કેમ રાખીએ છીએ ચર્ચા – પ્રશ્નોત્તરી કરીશ. વિદ્યાર્થીઓ તે વિગત લખશે. પંખીની પરબ બનાવવાની પ્રવૃત્તિ જૂથમાં કરાવીશ. પરબને શાળામાં કે ઘરે લટકાવવા જણાવીશ. કયું પક્ષી પાણી પીવા આવે છે ? તેનું અવલોકન કરાવીશ. માનવી અને પ્રાણીઓ બન્નેને જરૂરી છે તેવી ત્રણ વસ્તુઓનાં નામ કોષ્ટકમાં લખાવીશ. વિદ્યાર્થીઓ દ્વારા માહિતી મેળવીશક કે પ્રાણીને ખવડાવ્યું હોય તેનું નામ અને શું ખવડાવ્યુ તે લખવા જણાવીશ. વિચારો અને લખો માં આપેલા પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર લખશે. કોણ શું ખાય છે તે જુદા જુદા રંગની લાઇન દોરી જોડવા

જણાવીશ. તમે અડકયા છો તમે અડકયા નથી પણ અડી શકો છો તથા તમે અડી શકવાના નથી તેવા પ્રાણીઓના નામ લખવા જણાવીશ. વિદ્યાર્થીઓને રાણીનો બગીચોના ચિત્રોનું વાંચન કરાવીશ. વર્ગમાં ચર્ચા કરીશ. પ્રશ્નોત્તરી કરીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- પ્રવૃત્તિ : તમારી આસપાસ જોવા મળતાં પ્રાણીઓની યાદી બનાવો.
- પ્રવૃત્તિ : પંખી પરબ બનાવો.

**મૂલ્યાંકન**

- આપેલ પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.
- વિચારો અને લખો
- પ્રશ્નોના ઉત્તરો લખો.

**ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ:** ૨૦. કેટલા રે કેટલા

**અધ્યયન નિષ્પતિ :**

3.03 કુટુંબના સભ્યો સાથેના અરસપરસના સંબંધોને ઓળખે છે.

3.06 કુટુંબના સભ્યોની ભૂમિકા, તેમની ટેવો, લક્ષણો, કાર્યો તથા સંયુકત કુટુંબમાં રહેવાની જરૂરિયાતનું વર્ણન લેખિત, મૌખિક કે અન્ય રીતે કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- રમત – કેટલા રે કેટલા રમવી
- વિચારો અને કહો ચર્ચા તથા પ્રશ્નોત્તરી
- કુટુંબ પરિવારના વિવિધ ફોટાનું અવલોકન
- સીતાના પરિવારની માહિતીનું વાંચન
- વિચારો અને કહોના પ્રશ્નોની ચર્ચા
- તારાના પરિવારની માહિતીનું વાંચન –ચર્ચા પ્રશ્નોત્તરી
- રહેના અને હલીલ વિશેની માહિતીનું વાંચન
- કેતનના પરિવારની માહિતીનું વાંચન
- વિચારો અને કહો ના પ્રશ્નોની ચર્ચા
- ક્રિષ્ના અને કાવેરીના પરિવારની માહિતીનું વાંચન
- વિચારો અને કહો ના પ્રશ્નોની ચર્ચા
- તમારા કુટુંબમાં થતું હોય એવા વાકયો સામે √ કરો.
- કુટુંબ વિશે બીજી વિગત

- સીતાનું કુટુંબ વૃક્ષને આધારે પોતાનું કુટુંબ વૃક્ષ તૈયાર કરવું.

**શૈક્ષણિક સાધન :**

- રમતો - પરિવારનો ફોટો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકમાં આપેલ રમત કેટલા રે કેટલા રમાડીશ. વિદ્યાર્થીઓ રમત રમશે. રમતના આધારે વિચારો અને કહોમાં આપેલ પ્રશ્નોની ચર્ચા કરીશ. કુટુંબ – પરિવારના ફોટાનું અવલોકન કરાવીશ. તેના આધારે પ્રશ્નોત્તરી કરીશ. સીતાનાં કુટુંબ પરિવાર વિશેની માહિતીનું વાંચન કરાવીશ. "વિચારો અને કહો" ના પ્રશ્નોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. તારાના પરિવારની માહિતીનું વાંચન કરાવીશ. તેના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. રેહાના અને હબીબ વિશેની માહિતીનું વાંચન કરીશ. ચર્ચા પ્રશ્નોત્તરી કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. કેતનના પરિવારની માહિતીનું વાંચન કરાવીશ. વિચારો અને કહોના પ્રશ્નોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. ક્રિષ્ના અને કાવેરીના પરિવારની માહિતીનું વાંચન કરાવીશ. ચર્ચા પ્રશ્નોત્તરી કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. તમારા કુટુંબમાં થતું હોય એવા વાક્ય સામે √ કરવા જણાવીશ. વિદ્યાર્થીઓને પોતાના કુટુંબ વિશે વિગતમાં વિચારવા જણાવીશ. તે માહિતી લખવા જણાવીશ. સીતાનું કુટુંબ વૃક્ષનો અભ્યાસ કરાવીશ. વિદ્યાર્થીઓ પોતાનું કુટુંબ વૃક્ષ તૈયાર કરાવીશ. વડીલોની મદદ લેવા જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

રમત : કેટલા રે કેટલા

પ્રવૃત્તિ : પોતાનું કુટુંબ વૃક્ષ તૈયાર કરવું

**મૂલ્યાંકન**

- પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.
- તમારા કુટુંબ વિશે લખો.

**ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: ૨૧. પાણી બચાવીએ**

**અધ્યયન નિષ્પતિ :**

3.05 વિવિધ વયજૂથનો લોકો પ્રાણીઓ અને પક્ષીઓની ખોરાકની જરૂરિયાતો, ખોરાક અને પાણીની ઉપલબ્ધિ તથા તેમના ઘર અને સાસપાસના પાણીના ઉપયોગ અંગેનું વર્ણન કરે છે.

3.10 દૈનિક જીવનમાં ઉપયોગી વસ્તુઓના ગુણધર્મો તેમજ પદાર્થોનાં માપ કે જથ્થા અંગે અનુમાન કરે છે. પ્રતીકાત્મક કે બિનપ્રમાણભૂત એકમો દ્વારા ચકાસણી કરે છે. (જેમ કે વેંત, મુઠ્ઠી, ચમચી, જગ વગેરે)

3.14 કુટુંબમાં રૂઢિગત કાર્યો/રમતો ખોરાક વગેરેમાં થતા લિંગભેદ પ્રત્યે તથા શાળા અને કુટુંબમાં થતા ખોરાક અને પાણીના બગાડ વિશે મત વ્યક્ત કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- રાજસ્થાનના બાજલપુર ગામની વાત – માઘાના ઘરની વાતની રજૂઆત
- પાણીની તંગીના કારણે પડતી મુશ્કેલીઓ
- વરસાદના પાણીનો સંગ્રહ
- વિચારો અને કહો – ચર્ચા અને પ્રશ્નોત્તરી
- પાણી ન હોય તો શું અગવડ પડે ?
- માપો અને લખો.
- વિચારો અને લખો. ચર્ચા અને પ્રશ્નોત્તરી
- વિચારો અને કહો : કોઇ એક કામમાં વપરાયોલા પાણી બીજા કયા હેતું માટે વપરાય ? કયું કામ કરવામાં આવે તો પાણી ફરી વપરાશમાં લઇ શકાય ?
- પાણીની બચતનું મહત્વ

**શૈક્ષણિક સાધન :**

- મોબાઇલ - વિડીયો - ચાર્ટ - ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને રાજસ્થાનના બાજલપુર ગામમાં માઘા ના ઘરની વાત કરીશ. પાણીની તંગીના કારણે મુશ્કેલીઓ અંગે ચર્ચા કરીશ. વરસાદના પાણીના સંગ્રહ કેવી રીતે કરવામાં આવે છે તે અંગે જણાવીશ. વિચારો અને કહોના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. પાણી ન હોય તો શું અગવડ પડે ? ચર્ચા કરી લખવા જણાવીશ.

કેટલી વારે પાણી ભરાશે ? ચમચી, ટબ, ડોલમાં પાણી ભરી નક્કી કરાવીશ. વિચારો અને લખોના પ્રશ્નોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર લખશે. કોઇ એક કામમાં વાપરેલું પાણી કોઇ બીજા હેતું માટે વાપરી શકીએ ? તે ચર્ચા કરાવીશ. કયું કામ કરવામાં આવે તો પાણી ફરી વપરાશમાં લઇ શકાય ? તે વિવિધ રંગની લીટીથી જોડાવીશ. પાણીની બચતનું મહત્વવ સમજાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- પ્રવૃત્તિ : આપેલ મૂર્ત વસ્તુઓ ના સરખા ભાગે વહેંચી જૂથ બનાવો.

**મૂલ્યાંકન**

- વિચારો અને લખો.
- પ્રશ્નોના ઉત્તરો લખવા.

**ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: ૨૨. ડાબુ જમણું**

**અધ્યયન નિષ્પતિ :**

3.09 ઘર, શાળા અને વર્ગખંડના નકશામાં વસ્તુઓનું સ્થાન અને દિશાઓને સંજ્ઞા, પ્રતિક કે મૌખિક રીતે ઓળખે છે.

3.12 ચિત્રો, આકૃતિઓ, કલાત્મક રચનાઓ, નમૂનાઓ અને વસ્તુઓનું તમામ બાજુથી અવલોકન કરે છે તથા સાદા નકશા, સૂત્રો, જોડકણાં રચે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- હાથના ચિત્ર પર હાથ મૂકો
- પ્રવૃત્તિ : જમણાં હાથનું રેખાચિત્ર દોરો
- પાઠય પુસ્તક અને નોટબુકના હાથના ચિત્રો સરખાવો
- ચાલો ગીત ગાઇએ પ્રવૃત્તિ
- લખો : ડાબા હાથનું ગીત
- જુઓ અને કહો :
- વાંચે અને કરો : સૂચના મુજબ ચિત્ર દોરો
- રૂચિરાને ઘરેથી શાળામાં જવાનો રસ્તો શોધો
- નિશાન ઓળખો
- નિશાન બનાવો
- નકશાની જરૂરીયાત
- વાંચો અને દોરો નિશાની દોરો
- વાંચો અને લખો
- ઘરથી શાળા સુધી પહોંચવાનો નકશો દોરો

**શૈક્ષણિક સાધન :-**

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકમાં આપેલા હાથના ચિત્ર ૫૨ હાથ મુકવા જણાવીશ. જે હાથ મૂકયો છે તે જમણ હાથનું રેખાચિત્ર દોરવા જણાવીશ. પાઠય પુસ્તકના હાથના ચિત્ર સાથે સરખાવવા જણાવીશ. વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકમાં આપેલ ગીતનું ગાન કરાવીશ. ડાબા હાથનું ગીત લખવાની પ્રવૃત્તિ કરાવીશ. તે ગીતનું ગાન કરાવીશ. જુઓ અને કહો માં આપેલા પ્રશ્નોના ઉત્તરો આપવા જણાવીશ. રૂચિરાનું ચિત્ર વચ્ચે છે. આપેલ સૂચના મુજબ તેની આજુબાજુ બીજા ચિત્ર દોરવા જણાવીશ. રૂચિરાને ઘરેથી શાળામાં જવાનો રસ્તો શોધાવીશ. તેના આધારે આપેલા “વિચારો અને લખો” ના પ્રશ્નોના જવાબ બની ચર્ચ કરીશ. વિદ્યાર્થીઓ જવાબ લખશે. નિશાની ઓળખી તેનાં નામ લખવા જણાવીશ. આ નિશાનીઓ શા માટે ઉપયોગમાં લેવાય છે તેની ચર્ચા કરીશ. નિશાની માટેની સૂચિને આધારે તમારી પોતાની નિશાની બનાવવા જણાવીશ. બાળકોને નકશાની જરૂરીયાત સમજાવીશ આપેલા બોકસમાં શબ્દો વાંચી તે મોની નિશાની દોરવા જણાવીશ. વિદ્યાર્થીઓ નિશાનીનું ચિત્ર દોરશે. નકશાના આધારે વિગત લખવા જણાવીશ. વિદ્યાર્થીઓ નિશાનીનું ચિત્ર દોરશે નકશાના આધારે વિગત લખવા જણાવીશ. વિદ્યાર્થીઓને પોતાના ઘરથી શાળા સુધી ૫હોચવાનો નકશો દોરવા જણાવીશ. તે માટે જરૂરી માર્ગદર્શન આપીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- પ્રવૃત્તિ : તમારા જમણા હાથથી રેખાચિત્ર દોરો
- પ્રવૃત્તિ : ઘરથી શાળા સુધી ૫હોચવાનો નકશો દોરો

**મૂલ્યાંકન**

- વિચારો અને લખોના આપેલા પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**માર્ચ માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: ૨૩. સુંદર કપડાં**

**અધ્યયન નિષ્પતિ :**

3.11 વસ્તુઓ, પ્રવૃત્તિઓ કે મુલાકાત લીધેલ સ્થળો અંગેની માહિતી, અનુભવો તેમજ અવલોકનોની નોંધ કરે છે. તેના આધારે તેમની તરાહ અંગે આગાહી કરે છે. (જેમ કે ચંદ્રની કળાઓ અને ઋતુઓ)

3.12 ચિત્રો, આકૃતિઓ, કલાત્મક રચનાઓ, નમૂનાઓ અને વસ્તુઓનું તમામ બાજુથી અવલોકન કરે છે તથા સાદા નકશા, સૂત્રો, જોડકણાં રચે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- સાજીદાને તેની બહેને આપેલી સુંદર ઓઢણીની વાત
- વિચારો અને લખો પ્રશ્નોની ચર્ચા
- કાપડની રચના, રંગ અને ભાત / ડિઝાઇન
- કાગળનું વણાટની પ્રવૃત્તિ
- કાગળનું વણાટની પ્રવૃત્તિ
- વિવિધ ફળ વડે છાપકામ

**શૈક્ષણિક સાધન :**

- ડિઝાઇન વાળા કાપડ
- કાગળ છાપકામ વિડીયો નિદર્શન
- ફળો છાપકામ માટે

**શિક્ષક વિધાર્થિની પ્રવૃત્તિ :**

વિધાર્થીઓને સાજીદાની ઓઢણીની વાત કહીશ. તેના આધારે ચર્ચા કરીશ. "વિચારો અને લખો" માં આપેલા પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિધાર્થીઓ ઉત્તર લખો. વિધાર્થીઓને ઘરમાં જે કપડા છે તેની રચનામાં તેના રંગમાં અને તેની ભાતમાં શું ભેદ છે તેની નોધ આપેલ કોઠામાં કપડાનું નામ લખાવી તેની સામે કરાવીશ. જાડું કાપડ અથાવ કોથળાનું અવલોકન કરાવીશ. કાગળનું વણાટ કરવાની પ્રવૃત્તિ વિધાર્થીઓના જૂથ પાડી કરાવીશ. કાગળ પર છાપકામની પ્રવૃત્તિ કરાવીશ. વિવિધ ફળ વડે છાપકામની પ્રવૃત્તિ કરાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- કાગળનું વણાટ કરો
- કાગળ પર છાપકામ કરો

**મૂલ્યાંકન**

- ઘરે કાપડ પર હોય એવી ડિઝાઇન દોરી લાવવી.

**માર્ચ માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: ૨૪. જીવનનું જાળું**

**અધ્યયન નિષ્પતિ :**

3.17 પર્યાવરણમાં વિવિધ જૈવિક અને અજૈવિક ઘટકો એકબીજા સાથે પરસ્પર કેવી રીતે સંકળાયેલા છે તે જણાવે છે. જેમ કે મનુષ્યો, પ્રાણીઓ, પક્ષીઓ, જીવજંતુઓ હવા, પાણી, જમીન વગેરે)

**શૈક્ષણિક મુદ્દા :**

- વૃક્ષ, પાણી, ઘર, હવા, સૂર્ય વિશે ચર્ચા
- ચિત્રમાં બતાવેલ વસ્તુઓ સાથે આપણે કેવી રીતે જોડાયેલા છીએ ? ચર્ચા તથા પ્રશ્નોત્તરી
- વિચારો અને લખો
- ખાટલો બનાવાવ કઇ કઇ સામગ્રીની જરૂર પડશે ?
- ખાટલાને બદલે બીજી કઇ – કઇ વસ્તુઓ વાપરી શકાય ?

**શૈક્ષણિક સાધન :-**

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓએ જોયેલ વૃક્ષ, પાણી, ઘર, હવા, સૂર્ય વિશે ચર્ચા કરીશ. ચિત્રમાં બતાવેલ વસ્તુઓ સાથે આપણે કેવી રીતે જોડાયેલા છીએ ? તે અંગે ચર્ચા તથા પ્રશ્નોત્તરી કરીશ. 0 માં વિદ્યાર્થીઓને ચિત્ર દોરવા જણાવીશ. જીવનમાં જરૂરી હોય એવા ચિત્રને રેખા દ્વારા વસ્તુઓ સાથે જોડવા જણાવીશ. ઘર શાનું બનેલું છે તે અંગે ચર્ચા કરીશ. ખાટલો બનાવવા કઇ – કઇ સામગ્રીની જરૂર પડશે ? ચર્ચા કરી લખવા જણાવીશ. ખાટલાને બદલે બીજી કઇ – કઇ વસ્તુઅ વાપરી શકાય તે અંગે ચર્ચા કરીશ. પર્યાવરણની વસ્તુઓ એક બીજા પર નિર્ભર છે તે વિશે માહિતી આપી ચર્ચા કરીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- 0 માં જીવનમાં જરૂરી હોય એવા ચિત્ર દોરવા જણાવીશ.

**મૂલ્યાંકન**

- આપેલા પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**માર્ચ માસનું પાઠ આયોજન**
**પાઠનું નામ:** ૨૫. મારો તાલુકો

**અધ્યયન નિષ્પતિ :**

3.16 નકશામાં પોતાના ગામ અને તાલુકાની વિગતો શોધી શકે છે અને તેની નોંધ કરે છે. જેમકે જોવાલાયક અને મહત્વના સ્થળો પશુપાલન, ખેતી, લોકજીવન વગેરે)

**શૈક્ષણિક મુદ્દા :**

- ઋચનના ગામની આસપાસના ગામની વિગત – ચર્ચા
- પોતા ગામની આસપાસના તાલુકાની વિગત – ચર્ચા
- તાલુકો અને જીલ્લો કેવી રીતે બને છે ? તેની ચર્ચા
- વિચારો અને લખો : તાલુકાની વિગત
- વાંચ અને કહો.
- વિચારો અને લખો.

**શૈક્ષણિક સાધન :**

- ગામનો નકશો
- તાલુકાનો નકશો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ઋચનના ગામની આસપાસના ગામની વિગતોનો અભ્યાસ કરાવી ચર્ચા – પ્રશ્નોત્તરી કરીશ. તે મુજબ વિદ્યાર્થીઓને પોતાના ગામની આસપાસના ગામોની વિગત આપેલા ચોરસ ખાનામાં દર્શાવવા જણાવીશ. રતનના તાલુકાની આસપાસના તાલુકાની વિગતનો અભ્યાસ કરાવી ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓને પોતાના તાલુકા તથા આસપાસ તાલુકાની વિગત આપેલા ચોરસ ખાનામાં દર્શાવવા જણાવીશ. તાલુકો અને જીલ્લો કેવી રીતે બને છે તેની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓને પોતાના તાલુકા અંગેની વિગતો જાણી લાવી કોઠામાં લખવા જણાવીશ. આસપાસના ગામ અંગે વિગતો જાણી આપેલ કોષ્ટક લખવા જણાવીશ. આવા અન્ય તાલુકા અને ગામ અંગે મિત્રો પાસેથી જાણવા જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- પ્રવૃત્તિ : તાલુકા અંગેની આપેલી વિગતો વિશે જાણો અને નોધ કરો.

**મૂલ્યાંકન**

- આપેલા પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.